# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૧૭/૦૪/૨૦૨૫ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૨૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૩૪૦ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૧૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮૭ બિયર ટીન, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૨૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઠગાઈઃ-** **સમાચાર યાદી નં.૫૨૯/૨૦૨૫**

**નવરંગપુરાઃ** તુષારભાઈ લક્ષ્મીદાસ શ્રીપાલ (ઉ.વ.૬૪) (રહે. ભાવસાર સોસાયટી મહાદેવ મંદીર સામે નવા વાડજ) એ તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વિનોદભાઈ સોની (રહે. શ્રીનગર સોસાયટી કેશવબાગ વાડી નવા વાડજ) અને (૨) અંકીતાબહેન કલ્પેશભાઈ ઝાલા (રહે. શ્રેયાંશ એપાર્ટમેન્ટ ધનવંતરી ગાર્ડન પાસે શાંતીવન પાલડી) એ ભેગા મળી નવરંગપુરા આઈઆઈએફએલ ગોલ્ડ ફાઈનાન્સ.સી.જી.રોડ શાખા ખાતે કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી.માં સોનુ શુધ્ધ હોવાનું જણાવી ખોટું સોનુ જમા કરાવી રૂપિયા ૧૮,૮૭,૯૨૦/- લોન મેળવી લઈ ઠગાઈ કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**ખાડીયાઃ** વિશાલ હરેશભાઇ ઝીઝુવાડીયા (ઉ.વ.૩૬) (રહે. રોયલ રીજોયસ લક્ષ્મી સ્કાય સીટી પાસે દાસ્તાન સર્કલ એસ.પી.રીંગ રોડ કઠવાડા) એ તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દરમ્યાન નાનશા જીવણની પોળમાં સાકંડીશેરી માણેકચોક ખાતે વિશાલ ઝીઝુવાડીયાની દુકાન ખાતે નોકરી કરતા હર્ષદ ભરતભાઈ પાટડિયા (રહે. સોમનાથ સોસાયટી નાના ચીલોડા) નાઓ તા.૧૭/૦૩/૨૦૨૫ સાંજના ૫/૦૦ થી ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દુકાન ખાતેથી ૪૨ ગ્રામ કાચું સોનુ ૧૮ કેરેટ કિમત રૂપિયા ૩,૩૯,૮૦૫/- સોનુ કાસ્ટીંગ કરાવવા સારૂં લઈ જઈ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.રાઠવા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૩૦/૨૦૨૫**

**નિકોલઃ** નયનાબહેન ભાવેશકુમાર તરસરીયા(ઉ.વ.૩૭) (રહે. ઓમ શાંતિ રેસીડેન્સી માનસી બંગ્લોઝ સામે નિકોલ ગામ નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૧૧/૦૪/૨૦૨૫ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાની જાતે રહેણાંક ફ્લેટના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે જવલનશીલ પ્રવાહી છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને શાહીબાગ બી.એ.પી.એસ.યોગી મહારાજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૪/૨૦૨૫ બપોરના ૪/૨૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ નિકોલ પોલીસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી